For More News Click www.gujaratsamachar.com



2. ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ફરમા વિમુક્તિદિનની ઉજવણી



3. દૂર બેઠાં બેઠાં મોબાઇલ કે ટેબ્લેટ વડે હરફર વગર માત્ર ટેરવાં પર 'ઘર'નું સંચાલન

4. 'પરણિતીએ મિડીયાને પુછ્યુ સેક્સને દિવસ-રાત સાથે શો સંબંધ?

# જીવનના મૂળ સ્ત્રોત આપણી હોબીમાં જ છૂપાયેલા છે

ટેકનોલોજીના આ યુગમાં વિશ્વ નવી નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. પરંતુ આ તમામની પાછળ ક્યાંકને ક્યાંક માનવીમાં રહેલી કલ્પનાશક્તિ જવાબદાર છે. ઈમેજીનેશન(કલ્પના) માનવીને નવા સાહસ અને નવી શોધ કરવા પ્રેરે છે. પ્રશ્ન એ થાય કે ઈમેજીનેશન માનવીમાં કેવી રીતે જન્મે છે. આ જવાબ વ્યક્તિની હોબીમાં છૂપાયેલો છે. હા. રોજિંદા કામકાજથી જુદી વ્યક્તિની રિયલ લાઈફ તેની હોબીમાં છૂપાયેલી હોય છે. જેમાં કેટલાંક લોકો પોતાની હોબી માટે સમય ફાળવે છે અને કેટલાંક લોકોને બંધ મુઠ્ઠીમાં જ રાખે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન વાયલોનીવાદક હતાં. તેમના મ્યુઝિક પ્રત્યેના પ્રેમએ તેમની શોધખોળને નવા આયામો આપ્યાં. વિક્રમ સારાભાઈને નાટક પ્રત્યે પ્રેમ હતો. મેથેમેટિશિયન ક્લોટ શેનોન જગલીંગ કરતાં હતાં, જેમને ગણિતના નવાં સિદ્ધાંતોને વિશ્વને આપ્યાં. ગેલેલિયો, લિયોનાર્દો દ વિન્ચી એવા તો અનેક નામો છે. જેમણે પોતાની હોબીમાંથી પ્રેરણા મેળવી વિશ્વને નવી દિશા આપી છે. એન્જિનિયરિંગ એ સૌથી મુશ્કેલ વિષય છે. દેશના પ્રતિષ્ઠિત સંસ્થાન એટલે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી)માંથી પાસ થયેલો સ્ટુડન્ટ ગજબનો એન્જિનિયર અને ક્રિએટર હોય છે. પરંતુ સ્ટુડન્ટસને માર્ગ ચિંધનાર ગુરુ(શિક્ષક) ક્રિએટિવ હોય તો ઈનોવેટિવ સ્ટુડન્ટ બહાર આવે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરના કેટલાંક પ્રોફેસરો એ પોતાની હોબી દ્વારા એન્જિનિયરિંગના ટફ સિદ્ધાંતોને સરળ બનાવી દીધાં છે અને સ્ટુડન્ટસને પણ મોકળું મેદાન આપ્યું છે જેથી તેઓ માત્ર એન્જિનિયર નહીં પરંતુ ક્રિએટિવ એન્જિનિયર થઈને બહાર આવે. આજે એવાં જ ઈનોવેટિવ ગુરુની વાત કરવાની છે જેમણે પોતાની હોબીમાંથી પ્રેરણા મેળવી એન્જિનિયરિંગની વ્યાખ્યા બદલી છે.



## પ્રો. શ્રીનિવાસ રેડ્ડી, હ્યુમિનિટી

**સિતારવાદક**

સિતાર જ જેમની પત્ની છે એવા પ્રો. શ્રીનિવાસ રેડ્ડી કલકત્તાના જાણીતા સંગીતજ્ઞ પાર્થો ચેટર્જી પાસે સિતારવાદન શીખ્યાં. જેમ એકલવ્યને બાણવિદ્યા શીખવામાં જે સંઘર્ષ કરવો પડ્યો. તેના જેવો જ કંઈક સંઘર્ષ શ્રીનિવાસ રેડ્ડીને કરવો પડ્યો હતો. મૂળ આંધ્રપ્રદેશના વતની એવા શ્રીનિવાસ રેડ્ડીનું સ્કૂલિંગ અને ગ્રેજ્યુએશન અમેરિકામાં થયું પરંતુ સંગીત પ્રત્યેના લગાવને કારણે ગુરુજી પ્રતિક્ષા કરવી, સતત રિયાજ અને ભારતથી દૂર જ્યાં ક્લાસિકલ સંગીતનું નામ પણ અજાણ્યું છે તેવા દેશમાં શ્રીનિવાસ રેડ્ડીએ ૧૫ની તપસ્યાં બાદ સંગીતની સાચી વિદ્યા પામી શક્યાં. આજે યુએસ અને ઈન્ડિયામાં પ્રો.શ્રીનિવાસ રેડ્ડીના પ્રોફેશનલ પ્રોગ્રામ થાય છે. આઈઆઈટીમાં સ્ટુડન્ટસને ઈતિહાસ અને કલ્ચરના પાઠ ભણાવે છે. પ્રો.શ્રીનિવાસ રેડ્ડી કહે છે કે સવારે પાંચ વાગે ઉઠીને નિયમિત સંગીનનો રિયાજ કરું છું. સંગીત મારું જીવન છે. સંગીતે મારા જીવન અને કામને નવાં આયામો આપ્યાં છે.



## માલવિકા સુબ્રમણ્યમ, સોશિયલ સાયન્સ

**ડાન્સર**

ડૉક્ટરેટ થયેલાં માલવિકા સુબ્રમણ્યમ સમાજનો સાચો ચિતાર ડાન્સમાંથી મેળવી શક્યાં. જો કે આ વાત પાયા વિહોણી લાગે છે પરંતુ તમારી અંદર રહેલી સંવેદના તમારા દ્રષ્ટિકોણને બદલી નાંખે છે. તેવુ માલવિકા સુબ્રમણ્યમનું માનવું છે. એમબીબીએસ, એમ.ડી. અને હાવર્ડ યુનિવર્સિટીમાંથી ડૉક્ટર ઓફ સાયન્સની પદવી મેળવનાર માલવિકા સુબ્રમણ્યમ સમાજના સારા સ્વાસ્થ્ય પર રિસર્ચ કરી રહ્યાં છે. માલવિકા સુબ્રમણ્યમ કહે છે કે ડાન્સે સમાજને જોવાની દ્રષ્ટિ ચેન્જ કરી નાંખી, હું લોકોની સંવેદનાઓને સમજવા લાગી. જ્યારે પણ લેક્ચરમાં હોંઉ ત્યારે દરેક લોકો મને કહે ડાન્સ ફોમમાં તેમ વિદ્યાર્થીઓને સમજાવતાં હોય તેવુ લાગી રહ્યું છે. મારી હાથની મૂવમેન્ટથી મારું પ્રેઝન્ટેશન સ્ટ્રોંગ બની જાય છે. હું ખરા અર્થમાં ભરતનાટ્યમની વિદ્યાર્થિની. પરંતુ વિવિધભારતી સાંભળતા સાંભળતાં મને બોલિવૂડ ડાન્સનો ક્રેઝ લાગ્યો. રેડિયો ઓન હોય અને હું તેની ધૂન પર ડાન્સ કરું, આમ હું ૨૦૦૩માં યુએસએમાં ગઇ ત્યાં મેં ફ્રી સમયમાં ડાન્સ ક્લાસ ચાલુ કર્યા. ૨૦૧૨માં આઇઆઇટી ગાંધીનગરમાં જોડાઇ અહીં હું ક્યારેક ક્યારેક સ્ટુડન્ટસને બોલિવૂડ ડાન્સ શીખવું.



## પ્રો. સુધાંશુ શર્મા, કેમિસ્ટ્રી

**કવિ**

આમ તો દરેક વ્યક્તિની અંદર એક કવિ જીવંત હોય છે. પરંતુ પ્રેસર કુકરની સીટી સાથે તે કુકરમાં જ બફાઇ જાય છે. જો કે અહીં વાત જુદી છે. જેમ મોરના ઇંડા ચીતરવા ન પડે તેમ વારસામાં જ અમુક ખાસિયત બાળકને મળતી હોય છે. પ્રો.સુધાંશુ શર્માના પિતા દેવેન્દ્રકુમાર શર્મા કવિ હતાં. ભણતરના ભાર વચ્ચે સુધાંશુ શર્માની અંદર રહેલી કલ્પના શક્તિ ક્યાંક દબાઇ ગઇ. જેમ જેમ મેચ્યોરિટી આવતી ગઇ તેમ તેમ અંદર રહેલા કવિને નવી ઉડાન મળી. મૂળ મેરઠના વતની એવા સુધાંશુ શર્મા ભલે કેમેસ્ટ્રીના શિક્ષક હોય પરંતુ તેમની કવિતાની કેમેસ્ટ્રી જાણવા લાયક છે. પ્રો.સુધાંશુ શર્મા કહે છે કે હું મારી સંતુષ્ઠી માટે કવિતા લખું છું. લેક્ચર બાદ શાંતિથી મારી કેબીનમાં જઇ રૂમની બારીઓ ખોલીને પ્રકૃતિના દરેક અહેસાસને અંદર આવવા દઉ છું. ખુલ્લા વાતાવરણમાં મારી અંદર રહેલુ પંખી કલ્પનાઓના સમંદરમાં ડૂબકી લગાવવા પહોંચી જાય છે. કેમેસ્ટ્રીના અઘરા સિદ્ધાંતોને મારી ઈમેજીનેશન દ્વારા સોલ્વ કર્યાં છે.' કવિતાએ કેમેસ્ટ્રીને સરળ બનાવી દીધી.



## પ્રો. બિરેશ્વર દાસ, કમ્પ્યુટર સાયન્સ

**જગલીંગ, યુનિસાયકલ**

૨૦મી સદીમાં કમ્પ્યુટર વગરની વાત કરી તો પાયા વિહોણી લાગે. કમ્પ્યુટર સાયન્સનાં અઘરા વિષયને પ્રો.બિરેશ્વર દાસ પોતાની ઈમેજીનેશનથી સરળ બનાવી દીધો છે. જગલીંગને આપણે સરકસમાં જ જોઈએ છીએ. જર્મનીમાં જગલીંગ મોટા પ્રમાણમાં જોવા મળે છે.. બિરેશ્વર દાસ જ્યારે જર્મનીના ઉલ્મ વિસ્તારમાં ગયાં ત્યાં જ જગલીંગ અને યુનિસાયકલ શીખ્યાં. કાર ઉત્પાદનમાં જર્મની મોખરાનું સ્થાન ધરાવે છે. જર્મનીમાં જગલીંગ અને યુનિસાયકલ દરેક લોકો શીખે છે. પ્રો.બિરેશ્વર દાસ કહે છે કે મારો સબ્જેક્ટ જુદો છે પરંતુ સ્પોર્ટસ પ્રત્યે પહેલાંથી જ લગાવ જ્યારે જર્મનીમાં રિસર્ચ અર્થે ગયો ત્યાં જગલીંગ અને યુનિસાયકલે મને આકર્ષયો બસ, ત્યારથી જ આ મારી સાથે છે. જગલીંગ મારી આંખ અને હાથ વચ્ચે ગજબનું કોઓર્ડિનેશન કરી એક રિધમને જન્મ આપે છે. આ રિધમની અનુભૂતિ મારા કામમાં પણ જોઇ છે.



તસવીર- સુરેશ મિસ્ત્રી